નવગુજરાત સમય

# સોશિયલ ઈન્ક્યુબેટરનો EDU ખાતે આજથી પ્રારંભ

» સોશિયલ વેન્ચર્સમાં સમાજસેવા સાથે ફાયદો

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ અમદાવાદ ખાતે દ્વારા સોશિયલ આન્ત્રપ્રિન્યોરશીપને પ્રોત્સાહન આપવા માટે આશ્રય ટેક્નો સોશિયલ બિઝનેસ ઈનક્યુબેટરની શનિવારથી શરૂઆત થશે. જેનું ઉદ્‌ઘાટન એ પી જે . અબ્દુલ કલામ કરશે.



આ અંગે આશ્રય દ્વારા યોજાયેલી કોન્ફરન્સમાં તેના કોફાઉન્ડર રાજેન્દ્ર જોશીએ જણાવ્યું કે, 'આ પહેલાં લોકો માત્ર સમાજ સેવા માટે સોશિયલ વેન્ચર સમાજસેવા માટે કરતાં પણ આજે મેક ઈન ઈન્ડિયાના ભાગરૂપે એવો સમય આવવા જઈ રહ્યો છે, જ્યારે સોશિયલ વેન્ચર્સમાં સંકળાયેલાં આન્ત્રપ્રિન્યોર્સ નફો પણ કરી શકશે. ' તેનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું હતું કે, 'મેડ સર્વિસ પણ આ જ પ્રકારના સોશિયલ વેન્ચરનો પ્રકાર છે, જેમાં તમારા ઘરમાં જરૂર મુજબના પેલ્પર્સ તમને પૂરા પાડવામાં આવે અને કોઈ ચોક્કસ એજન્સીમાંથી આવતા હોવાથી તમે વિશ્વસનિયતા પણ કેળવી શકો. જે સર્વિસ એવી હોય કે, લોકો પૈસા આપવા તૈયાર હોય છતાં મળતી ન હોય તેવી સર્વિસ શરૂ કરવા માટે સોશિયલ વેન્ચર ઉપયોગી છે.

આશ્રયના કો ફાઉન્ડર મણિ ઐયરે આ ઈન્ક્યુબેશન સેન્ટરમાં રજિસ્ટર થયેલા પ્રોજેક્ટ્સ વિશે કહ્યું કે, 'હાલ સુધીમાં લગભગ ૩૫ જેટલા ઈનોવેટર્સ રજિસ્ટર થયા છે, જેમકે, પર્સનલાઈઝ્ડ ડીસીઝ સર્વિસ. આરોગ્ય ક્ષેત્રનુ આ જ ભવિષ્ય છે, અને આ પ્રકારની ત્રણ થી ચાર પ્રોડક્ટ તો એ ઈનોવેટર મલેશિયા જેવા દેશોમાં એક્સપોર્ટ પણ કરે છે.' આ પ્રકારના ઈનોવેશન માટે આ ઈન્ક્યુબેટર સેન્ટરમાં મદદ થશે, જ્યાં ઈનોવેટરને સાથે કામ કરવા એક મંચ પૂરો પાડવામાં આવશે, જેમાં તેઓ નફાની સાથે સામાજિક પ્રદાન પણ કરી શકશે.'